## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



ડેડી, પોલીસવાળા રેપ થતાં પહેલા એન્કાઉન્ટર કરતાં હોય તો ??

# લોકરક્ષક ભરતી બોર્ડ દ્વારા લેવાયેલ વિવિધ ભરતીઓમાં ૨૦ ટકા વેઈટીંગ લીસ્ટ બનાવાશે

### સામાન્ય વહીવટ વિભાગના પ્રવર્તમાન નિયમોમાં છૂટછાટ આપીને ખાસ કિસ્સામાં ભરતીની છૂટ

ગાંધીનગર, તા. ૬

ગૃહ રાજ્ય મંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું છે કે, લોક રક્ષક ભરતી બોર્ડ દ્વારા લેવાયેલ વિવિધ સંવર્ગોની ભરતીઓમાં ૨૦ ટકા વેઈટીંગ લીસ્ટ બનાવવાનો રાજ્ય સરકારે મહત્વનો નિર્ણય કર્યો છે.

મંત્રી જાડેજાએ ઉમેર્યું કે સામાન્ય વહીવટ વિભાગની પ્રવર્તમાન સૂચનાઓ મુજબ કોઇ એક જ સંવર્ગ માટે પરીક્ષાઓ યોજાતી હોય માત્ર તેવા પ્રસંગોએ જ અત્યાર સુધી વેઈટીંગ લીસ્ટ બનાવવામાં આવતું હોય છે. પરંતુ, લોકરક્ષક ભરતી બોર્ડ દ્વારા લેવાયેલ પરીક્ષામાં એકથી વધુ સંવર્ગની ભરતી પ્રક્રિયા હાથ ધરાઇ હતી. જેથી લોકરક્ષક ભરતી બોર્ડ દ્વારા જાન્યુઆરી - ૨૦૧૯માં લેવાયેલ પરીક્ષાનું વેઈટીંગ લીસ્ટ બનાવવામાં આવેલ ન હતું. આ બાબતે મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીને રજૂઆતો થતા રાજ્યના સંવેદનશીલ મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ યુવાનોને સરકારી સેવામાં તક મળે એ માટે આવા નિયમોમાંથી છૂટછાટ આપીને ગૃહ વિભાગ દ્વારા લેવાયેલ આ પરીક્ષામાં ખાસ કિસ્સામાં આ વેઈટીંગ લીસ્ટ બનાવવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે.

જાડેજાએ ઉમેર્યું કે રાજ્ય સરકાર દ્વારા લેવાઇ રહેલ પરીક્ષામાં વિવિધ સંવર્ગમાં જે ભરતીઓ થઇ છે તેમાં યુવાનો ઘણી વાર હાજર થતા નથી તથા અન્ય જગ્યાએ નિમણૂક થતાં પણ નોકરી છોડીને જતા રહેતા હોય છે. તેમજ ઉમેદવારોની વય મર્યાદા પણ પૂરી થઇ જતી હોઇ, તેવા ઉમેદવારોને પણ તક મળે તે આશયથી આવી ખાલી પડેલ જગ્યાઓ ભરવા સારૂ લોકરક્ષક ભરતી બોર્ડ દ્વારા જાન્યુઆરી-૨૦૧૯માં લેવામાં આવેલ પરીક્ષાનું વેઈટીંગ લીસ્ટ બનાવવામાં આવશે.

# જિલ્લા પંચાયતની ખાસ સામાન્ય સભા ૧૯મીએ મળશે

ગાંધીનગર જિલ્લા પંચાયતની ખાસ સામાન્ય સભા આગામી ૧૯મી ડિસેમ્બરના રોજ મળશે. જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતિ મંગુબેન શ. પટેલના અધ્યક્ષસ્થાને બપોરે ૨.૧૫ કલાકે આ સામાન્ય સભા જિલ્લા પંચાયતના સરદાર પટેલ ખંડમાં મળશે. આ બેઠકમાં વિવિધ સમિતિઓની મળેલ બેઠકોના અહેવાલોને વંચાણે લઈ બહાલી આપવામાં આવનાર છે. આ સામાન્યસભા ખાસ બેઠક હોવાથી પ્રશ્નોત્તરીમાંથી તેને મુક્તિ મળી છે.

આ બેઠકમાં અમદાવાદ શહેરમાં જિલ્લાના ૬ ગામો ભેળવવાના મુદ્દે વિરોધ કરતો પ્રસ્તાવ પસાર કરવામાં આવે તેવી શક્યતાઓ છે. આ ઉપરાંત તેના આધાર માટે હાલ અમદાવાદ જિલ્લામાં ભેળવવામાં આવેલ ચાંદખેડા પંથકની પ્રા. શાળાઓના ભાડા સહિતનો ખર્ચ જિલ્લા પંચાયત દ્વારા કરવામાં આવી રહ્યો છે. આમ આર્થિક ભારણ વહન કરવાનુ અને સુવિધાઓ શૂન્ય હોય આ વિરોધ પ્રસ્તાવ રજુ કરાશે.

કોંગ્રેસ પક્ષે આ બેઠકને અતિ મહત્વની ગણી અને તે અંગેની તૈયારીઓ આરંભી દીધી છે. જો કે બીજી તરફ ભાજપે આ બેઠક અંગે હજુ કોઈ ચોક્કસ રણનીતિ તૈયાર કરી નથી તેઓ આ બેઠકને લઈ હાલ કોઈ જ તેમના પત્તા ખોલવાના મૂડમાં નથી.

## સાયન્સ સિટી ખાતે વર્લ્ડ સોઈલ ડે ઉજવાયો

ગાંધીનગર, તા. ૬

ગુજરાત સાયન્સ સીટી દ્વારા વર્લ્ડ સોઈલ ડે નિમિત્તે શાળાના વિદ્યાર્થીઓ માટે ખાસ પ્રેઝન્ટેશન કમ ઈન્ટરેક્ટીવ સેશનનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જમીનનુ ધોવાણ અટકાવી હેલ્ધી ઈકો સિસ્ટમને જાળવી રાખવા પ્રત્યે ભાગ લેનારાઓને માહિતગાર કરાયા. આ વર્ષ વર્લ્ડ સોઈલ ડે ની ઉજવણી "જમીનનુ ધોવાણ અટકાવો-ભવિષ્ય બચાવો"ની થીમ આધારિત કરવામાં આવ્યું હતું.

નિષ્ણાત દ્વારા જમીનની ગુણવત્તા સુધારવાની જરૂરીયાત વિશે જણાવ્યુ રિપોટ મુજબ પૃથ્વી પરની ૩૩ ટકા જમીનની ગુણવત્તા ખરાબ થઈ ગઈ છે. અને જો યોગ્ય પગલા નહી લેવામાં આવે તો ૨૦૫૦ સુધીમાં ૯૦ ટકા જમીન ખરાબ થઈ જશે. કોઈપણ વાતાવરણમાં કુદરતી રીતે જમીનનું ધોવાણ થતુ હોય છે પરંતુ માનવીની પ્રવૃતિઓ જેમ કે જંગલોનો નાશ, વધુ પડતુ ચરામણ, જમીનનો અયોગ્ય ઉપયોગ વગેરેને લીધે જમીનના ધોવાણમાં નોંધપાત્ર વધારો થયો છે.



## સ્માર્ટ સીટીનું બસ સ્ટેન્ડ બન્યું ઉકરડો

સમગ્ર રાજયનું સંચાલન જયાંથી થાય છે તે પાટનગર ગાંધીનગરની તો વાત જ નિરાળી છે. મસમોટી ઈમારતો, સચિવાલય, વિધાનસભાનું વિશાળ પ્રાંગણ અને ઠેર ઠેર જોવા મળતા હરીયાળા બગીચાઓ શહેરની ઓળખ છે. હવે શહેર ત્રીસ સેકટરોના દાયરાની બહાર પણ વિકસી ચુકયું છે. આસપાસના કંઈ કેટલાય ગામોને શહેરમાં સમાવી લેવાયા છે. અથવા શહેરને આ ગામોએ સમાવી લીધું છે. શહેરને દર વખતે નવી નવી જાતભાતની ઓળખ આપવામાં આવે છે. આંધીનગર, ગ્રીનસીટી, ફલાવટ સીટી અને હમણાં જ નવી ઓળખ શહેરને મળી છે સ્માર્ટ સીટી... સાલુ આ સ્માર્ટ સીટી કેવું હોય તેવું કોઈ પણ શહેરીજનને પુછો તો તે જવાબમાં તરત માથું ખંજવાળવા લાગે. કોઈની પાસે તેનો સરખો જવાબ નથી. સ્માર્ટ સીટીની ઓળખ ધરાવતા આ શહેરમાં ગંદકી તો પારાવાર જોવા મળે છે તેનું સેમ્પલ જોવું હોય તો ગ-૭ના બસ સ્ટેન્ડે જવું જોઈએ. આદીવાડા ગામની નજીક આવેલા આ બસ સ્ટેન્ડની પાસેથી પસાર થઈએ તો પણ દુર્ગંધથી માથું ફાટી જાય..! બસ સ્ટેન્ડ પર ઉભા રહેવાનો તો સવાલ જ નથી. છાણાઓ અને અન્ય કંઈ કેટલાય કચરાંથી બસ સ્ટેન્ડ જાણે ઉકરડામાં જ ફેરવાઈ ગયું છે.

# આરોગ્યના કર્મયોગીઓના આંદોલનની અસર વર્તાઈ

### નો રિપોર્ટીંગ આંદોલનને કારણે જિલ્લાનો આરોગ્ય સેવાઓમાં ક્રમાંક ગગડ્યો...

ગાંધીનગર, તા. ૬

રાજયમાં ચાલી રહેલ આરોગ્ય કર્મીઓના આંદોલનની અસર હવે તંત્ર પર દેખાવા લાગી છે. જિલ્લામાં હાલ આરોગ્ય તંત્રના કર્મયોગીઓ દ્વારા નો રિપોર્ટીંગના ચાલી રહેલા આંદોલનને પગલે જિલ્લાનો આરોગ્ય સેવાઓમાં ક્રમાંક ગગડ્યો છે.

સી.એમ. ડેશ બોર્ડમાં તાજેતરમાં થયેલા મોનીટરીંગમાં આરોગ્ય સેવાઓને લઈ તેની અસરો અને એન્ટ્રીના અભાવે જે રીતે જિલ્લાનો ક્રમાંક ગગડ્યો છે તેના પર પડી છે.

જિલ્લામાં આરોગ્ય કર્મીઓ દ્વારા આગામી દિવસોમાં આંદોલન ઉગ્ર બનાવવાની રણનીતિ પણ તૈયાર થઈ ગઈ છે. મળતી વિગતો પ્રમાણે જિલ્લાના પી.એમ.સી. દ્વારા ટેકો પ્રોજેક્ટ અંતર્ગત કરવાની એન્ટ્રીમાં નબળી કામગીરી સૌને ઉડીને વળગી છે.

સી.એમ. ડેશ બોર્ડ દ્વારા થઈ રહેલ મોનીટરીંગમાં જિલ્લાની ૧૦થી વધુ સેવાઓમાં જિલ્લાને સી ગ્રેડ મળ્યો છે. આ બાબતે જિલ્લા વિકાસ અધિકારી રાવલે ખાસ બેઠક પણ અધિકારીઓની યોજી હતી અને જરૂરી સૂચનાઓ સાથે માર્ગદર્શન પણ આપ્યુ હતુ.

જિલ્લામાં પંચાયતી રાજને વધુ લોકાભિમુખ બનાવવા પર તેમણે વિશેષ ભાર મુક્યો હતો અને અધિકારીઓને તેમની ક્ષેત્રીય કચેરીઓની મુલાકાત લેવા તેમજ દર માસે તેમની શાખાના કર્મચારીઓ સાથે બેઠક કરી તેમાં થયેલ કામગીરી અંગેની ચર્ચાઓ સાથેની કાર્યવાહી નોંધ તેમના કાર્યાલયને મોકલી આપવાનો પરિપત્ર કરી સૂચના આપી હતી.

દરેક મહિને જિલ્લા વિકાસ અધિકારી દ્વારા દરેક શાખાની સમીક્ષા કાર્યવાહી નોંધના અહેવાલને આધારે કરવામાં આવશે તેમ પણ જાણવા મળેલ છે.



ભારતીય બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકરના નિર્વાણ દિન પ્રસંગે વિધાનસભા સંકુલ સામે સ્વર્ણિમ પાર્ક સ્થિત ડૉ. બાબાસાહેબની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવાનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ડૉ. આંબેડકર જન્મ શતાબ્દી ઉજવણી સમિતિના શહેર એકમના મહામંત્રી વિઠ્ઠલભાઈ પરમાર તથા નારણભાઈ પરમાર સહિત અગ્રણીઓએ પણ બાબાસાહેબને પુષ્પાંજલિ અર્પણ કરી શ્રદ્ધાસુમન પાઠવ્યા હતા.

# સે-૩માં પાણી ફોર્સથી ન આવતા ટાંકી પણ ભરાતી નથી : ગૃહીણીઓમાં રોષ

### સે-૩ માં વારંવાર પાણીની સમસ્યા ઉદભવે છે : આજે પણ સે-એ, બી સહીતના વિસ્તારમાં પાણીનો કકળાટ ઉઠવા પામ્યો હતો

ગાંધીનગર તા ૬

શહેરના નવા સેકટરોમાં પાણી ફોર્સથી ન આવતુ હોવાની ફરિયાદો વારંવાર ઉઠતી રહે છે. સે-૩ માં છેલ્લા ઘણાં સમયથી પાણીની સમસ્યા પેચીદી બનતી જાય છે. અગાઉ પણ સે-૩ માં પાણી ફોર્સથી ન આવતુ હોવાનો રોષ પ્રબળ બન્યો હતો. જયારે આજે પણ સે-૩ ન્યુ અને બી સહીતના વિસ્તારોમાં પાણી ફોર્સથી ન આવતા ટાંકી પણ ભરાતી ન હોવાનો રોષ ગૃહીણીઓ ઠાલવી રહી છે. સે-૩ માં અગાઉ પાણીનો બોર બંધ થઈ ગયો હોવાના લીધે પાણીનો ફોર્સ સદંતર ઘટી ગયો હતો. જયારે હાલ પણ પાણીની સમસ્યા યથાવત છે.

શહેરના નવા સેકટરોમાં પુરતા ફોર્સથી પાણી ન આવતુ હોવાનો કકળાટ પ્રવર્તયો છે. પાણી પુરતા ફોર્સથી ન આવતુ હોવાની ફરિયાદો વારંવાર ઉઠવા પામે છે. સેકટર -૩ માં તેમજ અન્ય નવા સેકટરોમાં પણ પાણી પુરતા દબાણથી ન આવતા રહીશોના ઘરોમાં પાણીની ટાંકી પણ ભરાતી નથી. આજે સે-૩ એ અને બી સહીત સેકટરના જુદા જુદા વિસ્તારમાં ફોર્સથી પાણી ન આવ્યુ હોવાનો કકળાટ ઉઠયો હતો. શિયાળાની ઠંડીના દિવસોમાં સામાન્ય રીતે પાણીનો વપરાશ પણ ઘટી જાય છે. ત્યારે પાણીને લગતી ફરિયાદો પણ ઉઠતી નથી. પાણીનો વપરાશ ઘટવાની સાથે સેકટરોમાં પણ પાણી ફોર્સથી મળી રહેતુ હોવાનુ પણ અત્યાર સુધી ધ્યાને આવ્યુ છે. પરંતુ આ વર્ષે ઠંડીના દિવસોની શરૂઆતથી જ પાણીનો કકળાટ ઉઠવા પામ્યો છે. નવા સેકટરોમાં થોડા સમય અગાઉ પણ પાણી મામલે ગૃહીણીઓમાં રોષ પ્રવર્તયો હતો. સે-૩ માં પાણીનો બોર ફેઈલ થયો હોવાની હકીકત પણ સામે આવી હતી. જો કે સેકટરોમાં પણ નવો બોર બનાવવા માટે દરખાસ્ત કરવામાં આવી હતી. સેકટરમાં છેલ્લા કેટલાક સમયથી પાણીની પોકાર સમયાંતરે ઉઠતી રહે છે. આજે પણ સે-૩ માં પાણી ફોર્સથી ન આવતા સ્થાનિકોએ પારાવાર હાલાકી વેઠવી પડી હોવાનો આક્રોશ પ્રબળ બન્યો હતો. સેકટરમાં પાણી ફોર્સથી આવે તે માટે યોગ્ય વ્યવસ્થા ગોઠવાય તેવી પણ માંગ ઉઠવા પામી છે. શિયાળાની ઠંડીના દિવસોમાં પણ પાણીને લગતી ફરિયાદો ઉઠતી રહે છે. ત્યારે તંત્રએ પણ આ મામલે યોગ્ય અભ્યાસ કરીને સ્થાનિકોને પુરતા ફોર્સથી પાણી સપ્લાય કરવા માટે સમસ્યાનુ ત્વરિત નિવારણ કરવુ જોઈએ.

# દૂધ અને દૂધની બનાવટોમાં મધુર ડેરી બની 'ચેમ્પિયન'

### ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા નવી દિલ્હી ખાતે મધુર ડેરીને 'ચેમ્પિયન એવોર્ડ-૨૦૧૯' એનાયત કરાયો

ગાંધીનગર, તા.૬

ગાંધીનગરની મધુર ડેરીને રાષ્ટ્રીય કક્ષાએ એવોર્ડ




પ્રાપ્ત થતા સમગ્ર જિલ્લા તથા પાટનગરનું નામ રોશન થવા પામ્યું છે. આજે નવી દિલ્હી ખાતે ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા આયોજિત એક સમારંભમાં ચેરપર્સન રીટા તિવેટીયાએ ગાંધીનગર જિલ્લા દૂધ ઉત્પાદક સંઘ લિ. મધુર ડેરીને દૂધ અને દૂધની બનાવટોમાં ગુણવત્તાના ઉત્તમ ધોરણો જાળવવા બદલ 'ચેમ્પિયન એવોર્ડ ૨૦૧૯'થી સન્માનિત કરી છે. આ સિધ્ધિને ડેરીના ચેરમેન ડૉ. શંકરસિંહ રાણાએ પશુપાલકો અને ડેરીના અધિકારીઓ-કર્મચારીઓને સમર્પિત કરી હતી.

નવી દિલ્હી ખાતે આયોજિત સમારંભમાં ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી દ્વારા મધુર ડેરીને વર્ષ ૨૦૧૯નો 'ચેમ્પિયન એવોર્ડ' પ્રાપ્ત થતા ગાંધીનગર જિલ્લાના સહકારી આલમમાં આનંદનું મોજું પ્રસરી વળ્યું હતું. મધુર ડેરી વતી આ એવોર્ડ ચેરમેન ડૉ. શંકરસિંહ રાણાએ સ્વીકાર્યો હતો. આ પ્રસંગે ડેરીના મેનેજીંગ ડિરેકટર મનોહરસિંહ ચૌહાણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે ભારત સરકાર દ્વારા સ્થાપિત ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઈન્ડિયા-એફએએસએસએઆઈ દેશભરમાં ખાદ્ય પદાર્થોની ગુણવત્તાના ધારાધોરણને પ્રમાણિત કરે છે તથા તેના નિયમન અંગે માર્ગદર્શિકા જાહેર કરી તેનું પાલન ઉત્પાદકો દ્વારા કરવામાં આવે તેની તકેદારી રાખે છે. મધુર ડેરીને રાષ્ટ્રીય કક્ષાએ મળેલ એવોર્ડ સમગ્ર જિલ્લા તથા ગાંધીનગર માટે ગૌરવ સમાન છે.

'આ એવોર્ડ મધુર ડેરી સાથે સંકળાયેલા તમામ પશુપાલકો, ડેરીઓ અને તેના સંચાલકો-કર્મચારીઓ તથા મધુર ડેરીના સંચાલન મંડળના હોદ્દેદારો, અધિકારીઓ અને તમામ કર્મચારીઓની મહેનત તથા ગ્રાહકોના 'મધુર ડેરી' પ્રત્યેના વિશ્વાસને કારણે પ્રાપ્ત થયો છે, હું આ તમામનો હૃદયપૂર્વક આભાર માની તેમને અભિનંદન પાઠવું છું તથા મધુર ડેરી હંમેશા દૂધ તથા દૂધની બનાવટો સહિત દરેક ઉત્પાદનમાં ગુણવત્તાના ઉત્તમ ધોરણો જાળવી રાખવા સતત પ્રયત્નશીલ રહેશે.'

**- ડો. શંકરસિંહ રાણા, ચેરમેન, મધુર ડેરી**

# ગિફ્ટસિટી ગાંધીનગરમાં બેંક ઓફ અમેરિકાના ગ્લોબલ બિઝનેસ સર્વિસિસ સેન્ટરનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૬

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ રાજયના યુવાઓને ફાયનાન્સિયલ અને આઇ.ટી.



સર્વિસિસ સેકટરમાં કારકિર્દી ઘડતર માટે આહવાન કર્યું છે.

આ સંદર્ભમાં તેમણે કહ્યું કે ટેલેન્ટેડ યુવાધન માટે ગિફ્ટ સિટીમાં આ ક્ષેત્રે કારકિર્દી નિર્માણની ઉજ્જવળ સંભાવનાઓ છે. એટલું જ નહિં, ગિફ્ટ સિટીને ગ્લોબલ ફાયનાન્સિયલ અને આઇ.ટી. સર્વિસિસ હબ રાજય સરકાર બનાવવા ઉત્સુક છે.

આ ક્ષેત્ર આવનારા દિવસોમાં અંદાજે ૧ લાખ યુવાનોને રોજગાર અવસર પૂરા પાડશે તેમ પણ તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રી બેંક ઓફ અમેરિકાના ગિફ્ટ સિટીમાં શરૂ થયેલા ગ્લોબલ બિઝનેસ સર્વિસિસ સેન્ટરના પ્રારંભ અવસરે સંબોધન કરી રહ્યાં હતા.

વિજયભાઈ રૂપાણીએ એવો વિશ્વાસ વ્યક્ત કર્યો કે ગુજરાતના બિઝનેસ ફ્રેન્ડલી એન્વાયર્મેન્ટ અને ગિફ્ટ સિટીની ઈકોસિસ્ટમને સુસંગત બેંક ઓફ અમેરિકાનું આ નવું કાર્યરત થઈ રહેલું ગ્લોબલ ડિલિવરી સેન્ટર ઉત્કૃષ્ટ સેવાઓ પ્રદાન કરશે.

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના બ્રેઈન ચાઈલ્ડ સમાન આ ગિફ્ટ સિટી માત્ર ફાયનાન્સિયલ હબ કે સ્પેશિયલ ઈકોનોમિક ઝોન નહીં પરંતુ મોડેલ ગ્રીન ફિલ્ડ સ્માર્ટસિટીનું પણ શાનદાર ઉદાહરણ બન્યું છે.

મુખ્યસચિવ અનિલ મુકિમે જણાવ્યું હતું કે, ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક સીટી (ગિફ્ટ સીટી) પ્રોજેકટ તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન



નરેન્દ્રભાઈ મોદીનો ડ્રીમ પ્રોજેકટ છે. સ્પેશ્યલ ઈકોનોમિક ઝોન એવા ગિફટ સીટીમાં બેન્ક ઓફ અમેરિકા સર્વ પ્રથમ ફોરેન બેન્ક તરીકે કાર્યરત થઈ છે. બેન્ક ઓફ અમેરિકાના ગ્લોબલ બિઝનેશ સર્વિસ સેન્ટરના ઉદઘાટન પ્રસંગે મુકિમે બેન્કને રાજ્ય સરકાર દ્વારા તમામ જરૂરી મદદ મળી રહેશે તેવો વિશ્વાસ આપ્યો હતો.

આ અવસરે ગિફ્ટ સિટીના ચેરમેન સુધીર માંકડ, શહેરી વિકાસ અધિક મુખ્ય સચિવ મુકેશ પુરી, મુખ્યમંત્રીના અગ્રસચિવ એમ. કે. દાસ, શહેરી ગૃહનિર્માણ વિભાગના સચિવ લોચન સહેરા, બેંક ઓફ અમેરિકાના ભારત સ્થિત અધિકારીઓ, બેંકના કન્ટ્રી હેડ અને અધ્યક્ષ કાકૂ નખાટે, સુમિત છાબરિયા, આમંત્રિતો ઉપસ્થિત રહ્યાં હતા. ગિફ્ટ સિટીના એમ.ડી. અને ગ્રૂપ સી.ઈ.ઓ. તપન રે એ સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

## પીડીપીયુની સ્કૂલ ઓફ લીબરલ સ્ટડીઝના વિદ્યાર્થીઓની ચાર દિવસીય ડ્રામા ઈવેન્ટ

ગાંધીનગર, તા. ૬

ન્યુ ગાંધીનગર ખાતેની પંડિત દિનદયાલ ઉપાધ્યાય પેટ્રોલિયમ યુનિવર્સિટીની સ્કૂલ ઓફ લિબરલ સ્ટડીઝના પ્રથમ સેમેસ્ટરના વિદ્યાર્થીઓ માટે ચાર દિવસના સ્પેશિયલ કોર્સ તા. ૨ થી ૫ ડિસેમ્બર દરમ્યાન યોજાયો હતો જેમાં વિદ્યાર્થીઓએ વિવિધ ડ્રામા સહિતની કૃતિઓ પ્રસ્તુત કરી હતી. આ પ્રસંગે જાણીતા ફિલ્મકાર તથા નાટ્યકાર અભિનય બેંકર તથા ગોપાલ પરમાર ઉપસ્થિત રહ્યાં હતા. આ ચાર દિવસ દરમ્યાન સામાજિક જાગૃતિ, મર્ડર મિસ્ટ્રી, સાયકોલોજીકલ થ્રીલર સહિતના વિવિધ પ્રકારના ડ્રામા પ્રસ્તુત કરાયાં હતા. "રંગમંચ એ તમને તમારા વિચારો, તમારી લાગણીઓ અને તમારા સામાજિક દષ્ટિકોણને પ્રસ્તુત કરવા માટે મંચ પુરૂ પાડે છે" ચાર દિવસની ડ્રામા ઈવેન્ટ દરમ્યાન વિદ્યાર્થીઓએ સેક્સપિયર, મહેશ દત્તાણી, રોઆલ્ડ ડાલ, સ્ટેન્લી હ્યુટન જેવા કસબીઓની કૃતિઓ પ્રસ્તુત કરી હતી.



## ચિલોડા મોટા સેવા કેન્દ્ર ખાતે 'બેટી બચાવો-બેટી પઢાવો' વિષય પર ચિંતન શિબિર યોજાઈ

ગાંધીનગર તાલુકાના ચિલોડા સ્થિત પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિદ્યાલય, જગદંબાભવન ખાતે ત્રિદિવસીય ચિંતન શિબિર અંતર્ગત ચિલોડા હોમગાર્ડઝ સબ યુનિટ, બ્રહ્માકુમારીઝ ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય તથા જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે તા. ૫ મી ડિસેમ્બર ગુરૂવારના રોજ સવારે મહિલા સશક્તિકરણ સંદર્ભે ગુરૂવારના રોજ સવારે મહિલા સશક્તિકરણ સંદર્ભે બેટી બચાવો, બેટી પઢાવો અને બેટી વધાવો અભિયાન જનજાગૃતિ ચિંતન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા નટુભાઈ પટેલ, ગુજરાત વિદ્યાપીઠ સાદરાના પ્રોફેસર પ્રભુદાસ કાસુન્દ્રા અને રાજ્યોગિની કૈલાસદીદી, તારાદીદી, હોમગાર્ડ સબ યુનિટના ઈન્ચાર્જ ઓફિસર એન.જે. સોલંકી ઉપસ્થિત રહ્યા હતા. આ શિબિરમાં નટુભાઈ પટેલે પ્રાસંગિક પ્રવચનમાં મહિલા સશક્તિ અંગે પ્રેરણાદાયક માર્મિક ઉદ્દબોધન કર્યુ હતુ. આ કાર્યક્રમમાં બ્રહ્માકુમારી ભાઈ-બહેનો હોમગાર્ડ જવાનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.